This Question Paper contains 8 Printed Pages.

# N-10(G)

**(MARCH, 2007)**

***Time : 3.00 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **54** પ્રશ્નો છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

(2) પ્રશ્ન નં. **53** નકશાપૂર્તિને બદલે ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ છે.

## વિભાગ - અ

નીચે આપેલા **1** થી **15** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો એક ગુણ છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો. **15**

**1.** કયો પર્વત સદીઓથી ભારતની પ્રજાના વારસાનો એક ભાગ છે?

(A) ગિરનાર (B) વિંધ્યાચળ

(C) હિમાલય (D) કાર્ડેમમ

**2.** કઈ કલામાં ગાયન અને વાદન એ બે બાબતોનો સમાવેશ થાય છે?

(A) ચિત્ર (B) નૃત્ય

(C) નાટ્ય (D) સંગીત

**3.** ધોળાવીરા ક્યાં આવેલ છે?

(A) ભૂજ (B) ખાવડામાં

(C) અલિયાબેટમાં (D) ખદીરબેટમાં

4. ભારવિનો પ્રસિદ્ધ ગ્રંથ કયો છે?

(A) મુદ્રારાક્ષસ
(B) ઉત્તર રામચરિત્ર
(C) કિરાતાર્જુનીયમ્
(D) રઘુવંશ

5. મેઘાલયમાં કયું ઉપવન આવેલું છે?

(A) ઓરન
(B) લિંગદોહ
(C) દેવરહતી
(D) ઈરંગોવકાવૂ

6. કયા પ્રાણીનો શિકાર કરવો એ કાનૂની ગુનો છે?

(A) ગાય
(B) હરણ
(C) ઘોડો
(D) ઊંટ

7. 'વન્ય પ્રાણીદિન' કઈ તારીખે ઉજવાય છે?

(A) 5 જૂન
(B) 4 ઓક્ટોબર
(C) 29 ડિસેમ્બર
(D) 21 માર્ચ

8. કાવેરી નદીમાંથી કઈ નહેરનું નિર્માણ થયુ?

(A) પૂર્વીય નહેર
(B) ઈન્દિરા નહેર
(C) ગ્રાઉન્ડ એનીકટન નહેર
(D) નર્મદા નહેર

9. રેલ્વે અને કારખાનામાં કયા પ્રકારનો કોલસો વધુ વપરાય છે?

(A) એન્થ્રેસાઈટ કોલસો
(B) બિટુમિનિસ કોલસો
(C) લિગ્નાઈટ કોલસો
(D) પીટ કોલસો

**10.** ગુજરાતમાં કયા નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે?

(A) રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 35
(B) રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 15
(C) રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 8
(D) રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 10

**11.** ગુજરાતનું સૌથી મોટું રેલ્વે જંક્શન કયું છે?

(A) અમદાવાદ
(B) વીરમગામ
(C) વડોદરા
(D) મહેસાણા

**12.** વિશ્વ વ્યાપાર સંગઠનનું વડું મથક ક્યાં આવેલુ છે?

(A) પેરિસ
(B) ન્યૂયોર્ક
(C) જીનીવા
(D) દિલ્હી

**13.** વૈશ્વિકીકરણની નીતિ કયા પ્રકારના વ્યાપાર સાથે જોડાયેલી છે?

(A) સ્થાનિક
(B) વિદેશ
(C) આંતરિક
(D) પ્રાદેશિક

**14.** કયા વર્ષને મહિલા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું?

(A) 2002
(B) 1975
(C) 1990
(D) 2001

**15.** વિશ્વમાં સૌથી વધારે બાળમજૂરો કયા દેશમાં છે?

(A) રશિયા
(B) પાકિસ્તાન
(C) ભારત
(D) અમેરિકા

## વિભાગ - બ

નીચે આપેલા **16** થી **30** પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો **1** ગુણ છે. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. **15**

**16.** ભારતના સૌથી પ્રાચીન નિવાસીઓ કોણ છે?

**17.** દુનિયામાં પ્રખ્યાત થઈ ચૂકેલા હીરાઓ કયા કયા?

**18.** ગુજરાતમાં કયા ત્રણ સ્તૂપો મળી આવેલ છે?

**19.** પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર કયું છે?

**20.** સ્વામી વિવેકાનંદે કયા શહેરમાં વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી?

**21.** કર્ણાટકના કયા પ્રદેશમાં કૉફી પુષ્કળ થાય છે?

**22.** સંરક્ષિત જંગલો કોને કહે છે?

**23.** ઉનાળાના પાકને કયા નામે ઓળખવામાં આવે છે?

**24.** કૃષિ આધારીત ઉદ્યોગો કયા કયા છે?

**25.** ઉત્પાદનના સાધનો કયા કયા છે?

**26.** ગ્રાહક સુરક્ષા અધિકાર દિનની ઉજવણી વિશ્વમાં ક્યારે કરવામાં આવે છે?

**27.** ગ્રાહક સુરક્ષાના જન્મદાતા કોણ મનાય છે?

**28.** ભારતના બંધારણમાં માન્ય મુખ્ય ભાષાઓ કેટલી છે?

**29.** ભારતમાં કયા કયા ધર્મ પાળતા લોકો વસે છે?

**30.** એશિયામાં સૌથી ઓછો ભ્રષ્ટાચારી દેશ કયો છે?

## વિભાગ - ક

નીચે આપેલા **31** થી **42** પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના **2** ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યા મુજબ ઉત્તર આપો.

**24**

**31.** નિષાદ પ્રજાની શારીરિક વિશેષતાઓ કઈ છે?

**32.** શાસ્ત્રીય નૃત્યકલાના મુખ્ય પ્રકારો કેટલા અને કયા કયા છે?

**અથવા**

ભારતની એક કલા તરીકે માટીકામનો પરિચય આપો.

**33.** ઈલોરાની ગુફાની ટૂંકમાં માહિતી આપો.

**34.** આપણા વારસાના જતન માટે નાગરિકો શું કરી શકે?

**35.** જમીનના પ્રકારો કેટલા - કયા કયા?

**36.** સઘન ખેતી કોને કહે છે?

**37.** જળપ્લાવિત ક્ષેત્ર એટલે શું?

**38.** મેંગેનીઝનો ઉપયોગ જણાવો.

**અથવા**

અબરખનો ઉપયોગ શું છે?

**39.** બજાર પદ્ધતિના માત્ર બે લક્ષણો જણાવો.

**40.** ભારતમાં ઉદારીકરણનીતિના ટૂંકમાં લાભ જણાવો.

**અથવા**

સમાજવાદી પદ્ધતિની ખામીઓ કઈ કઈ છે?

**41.** નકસલવાદ ભારતના કયા કયા રાજ્યોમાં જોવા મળે છે?

**42.** સામાજિક વિકાસમાં શાળાઓનો ફાળો જણાવો.

## વિભાગ - ડ

નીચે આપેલા **43** થી **49** પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના ત્રણ ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યામુજબ ઉત્તર આપો. **21**

**43.** સાંચીના સ્તૂપનો પરિચય આપો.

**અથવા**

મથુરા શૈલીનો પરિચય આપો.

**44.** ખજૂરાહો મંદિરો વિશે વિસ્તૃત ચર્ચા કરો.

**45.** જંગલોનું આર્થિક મહત્વ જણાવો.

**46.** કૃષિક્ષેત્રે આવેલા ટેક્નીકલ સુધારા જણાવો.

**અથવા**

ડાંગર ના પાક માટે કયા અનુકૂળ સંજોગો જોઈએ? ભારતમાં વધુ પકવતા રાજ્યોના નામ આપો.

**47.** બાયોગેસ વિશે પરિચય આપો. ગુજરાતમાં કયા કયા સ્થળે બાયોગેસ જોવા મળે છે?

**48.** વસ્તુઓ ખરીદતાં પહેલાં ગ્રાહકે શું ધ્યાન આપવાનું હોય છે?

**અથવા**

ઉપભોક્તાનું શોષણ કઈ રીતે થાય છે? તે જણાવો.

**49.** મહિલા સશક્તિકરણ આડેના અવરોધક પરિબળો જણાવો.

## વિભાગ - ઇ

નીચે આપેલા **50** થી **54** પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકના **5** ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર લખો. **25**

**50.** મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતની ચર્ચા કરો.

**51.** આર્યભટ્ટે કઈ મહત્વની શોધો કરી?

**અથવા**

વાસ્તુશાસ્ત્ર વિશે માહિતી આપો.

**52.** ભારતના ખાંડ ઉદ્યોગ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

**53.** તમને આપેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો.

(1) કપાસ પકવતો કોઈ એક પ્રદેશ.

(2) હીરાકુંડ યોજના.

(3) તાંબુ મળતું હોય એવું એક ક્ષેત્ર.

(4) સિમેન્ટ ઉદ્યોગનું એક કેન્દ્ર.

(5) કોલકાતાથી ચેન્નઈ જતો રેલમાર્ગ-એક અટકસ્થાન (જંકશન) સાથે.

**53.** ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :- નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) સુતરાઉ કાપડ ઉદ્યોગના એક કેન્દ્રનું નામ આપો.

(2) ભારતનો લાંબામાં લાંબો બંધ કયો?

(3) પરિવહન એટલે શું?

(4) સિંચાઈના પ્રકારો કયા કયા?

(5) રોકડીયા પાકો ભારતમાં કયા કયા થાય છે?

**54.** આર્થિક વિકાસ અને માનવવિકાસ વચ્ચેનો ભેદ જણાવો.

**અથવા**

સુવર્ણજયંતી ગ્રામરોજગાર યોજના વિશે નોંધ લખો.

---